## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

"જે સેવામાં આનંદ નથી મળતો તે નથી સેવકને ફળતી, નથી સેવ્યને ભાવતી..જે સેવામાં આનંદ મળે છે તે સેવા આગળ એશઆરામ કે ધનોપાર્જન ઇત્યાદી પ્રવૃત્તિ તુચ્છ લાગે છે.."

- મો.ક.ગાંધી
("સત્યના પ્રયોગો")

### પાથેય

- રમેશ ઠક્કર

# સેવાનો આનંદ...

સેવાના ભાવ સાથે પોતાનું જીવન સમર્પિત કરી? દીધું હોય એવા ગાંધીવાદી ઓ આપણા સમાજનું ગૌરવ છે.. પૂજ્ય રવિશંકર મહારાજ આવા જ એક? ઉચ્ચ કોટિના સંત હતા.ગુજરાતમાં એ "મૂઠી ઊંચેરા માનવી"તરીકે ઓળખાય છે..એમનું જીવન લોકકલ્યાણના કામો માટે સમર્પિત હતું.એ દરરોજ ઉઘાડા પગે ત્રીસથી ચાલીસ કિલોમીટર ચાલીને ગામડાઓમાં લોકશિક્ષણ માટે ફરતા..ખોરાકમાં એક ટંક કોરી ખીચડી જાતે જ રાંધીને જમતા..જાતે વણેલી ખાદીનાં કપડાં પહેરતા..એ જીવતા જાગતા સંત હતા..જેમના પારમાર્થિક જીવનનો મંત્ર હતો.."ઘસાઈને ઉજળા થઈએ"

રવિશંકર મહારાજ જેવા માણસો જગતમાં દુર્લભ હોય છે..આજીવન લોકસેવાનું કામ કરનારા મહારાજે ઠેરઠેર માણસાઈના દીવા પ્રગટાવ્યા હતા.. ગુજરાત રાજ્ય બન્યું ત્યારે એનું ઉદઘાટન રવિશંકર મહારાજે કરેલું..એમના સેવાકીય જીવનના અનેક પ્રસંગો છે.જે આજની પેઢીને ખૂબ જ પ્રેરણા આપી શકે એવા છે.એક પ્રસંગ ભૂદાન ચળવળ દરમિયાનનો છે..એમાં મહારાજની લોકો ઉપર કેવી ગાઢ અસર હતી એનું અદભુત નિરૂપણ થયેલું છે.

બનાસકાંઠા જિલ્લાના ભાભર ગામના લોકોએ દાદાના આગમન પહેલાં હજારેક રૂપિયા તથા ૨૫ વીઘા જમીન ઉઘરાવીને રાખ્યાં હતાં.એથી વિશેષ દાન મળશે એવી કોઈને કલ્પના નહોતી.દાદા આવ્યા અને એમનું પ્રવચન પૂરું થયું ,કે તરત એક સજ્જન ઊભા થયા એક પછી એક પોતાનાં ખેતરો ભૂદાનમાં લખાવવા લાગ્યા. એમણે લગભગ ૮૫ વીઘા જમીન નોંધાવી.એ પછી દાદા તરફ જઈ બે હાથ જોડી બોલ્યા "દાદા મારે ત્યાં આ બધી જમીનો ગીરો હતી.તે હું આજે ભૂદાનમાં આપું છું.આ જમીન જે તે ખેડૂતોને મળે એવી મારી ઈચ્છા છે.વળી એ ખેડૂતો પાસે બળદ નથી.જો એમને બળદની ગોઠવણ કરી આપો તો એમનો આત્મા બહુ રાજી થશે.એમને બળદ માટે મદદ કરવા મારા તરફથી હું ૫૧ હજાર રૂપિયા આપું છું" આટલું બોલીને એ બેસી ગયા. જેમની જમીન ગીરો હતી એમણે આ વાત સાંભળી રાહતનો શ્વાસ લીધો.અને સવારે વિતરણ પ્રસંગે જ્યારે એ ખેડૂતોને દાન લેખ સાથે રૂપિયા ૭૫૦ બળદ માટે મદદ આપવાની દાદા એ જાહેરાત કરી, ત્યારે તો એ બધાનાં હૈયાં હર્ષથી નાચી ઉઠ્યાં..

સભામાં સારા એવા લોકો ભેગા થઈ ગયા હતા.સભાનું કામ પૂરું થવા આવ્યું હતું.ત્યાં સૌના આશ્ચર્ય વચ્ચે પાત્રિસેક વરસનો એક નવયુવાન સભામાંથી ઉભો થઈ,દાદા પાસે જઈને ઊભો રહ્યો.એ નામીચો ડાકુ,ખૂની ને દારૂડિયો હતો.આ યુવાન દાદા પાસે શા માટે જતો હશે ? એ જાણવા સૌ લોકો ઉત્સુક હતા.એટલામાં તો ફાળિયું ઉતારી એ યુવાન રવિશંકર દાદા ના ચરણોમાં ઢળી પડ્યો ને બોલ્યો "દાદા આશિષ આપો.આજથી હું દારૂ છોડુ છું.આખી સભાએ તાળીઓના ગડગડાટથી એ યુવાનને અભિનંદન આપ્યા.આવા અનેક પ્રસંગો રવિશંકર મહારાજના જીવન સાથે વણાયેલા છે.. રવિશંકર મહારાજ જેવા લોકો આ ધરતી પર વિહરતા હશે એવી કલ્પના પણ આજે કરવી મુશ્કેલ છે.

# દરિયા પાર શાકાહાર-વિગનનો વર્ષોથી પ્રસાર કરતા ‘વર્લ્ડ વિગન વિઝન’ના સ્થાપક એચ.કે. શાહ



અમેરિકાના ન્યૂ યોર્ક-ન્યુ જર્સીમાં વસતા હર્ષદભાઈ ખુમચંદભાઈ શાહ એચ.કે.શાહના ટૂંકા નામે જાણીતા છે. તેઓ દરિયાપાર વર્ષોથી શાકાહારનો અને હવે વિગન (દૂધાહાર પર નિષેધ)નો પ્રસાર કરી રહ્યા છે.

તેમની સામાજિક નિસબત પ્રેરક છે તો જિંદગી રસપ્રદ છે.

તેમનાં માતાનું નામ પાર્વતીબહેન. પિતાનું નામ ખુમચંદભાઈ. મૂળ વતન વાલોડ. દક્ષિણ ગુજરાતમાં આવેલી વાલોડ રચનાત્મક ભૂમિ છે, તપની ભૂમિ છે. આ ભૂમિએ આપણને અનેક સમાજસેવકોની ભેટ ધરી છે. ધંધાર્થે ખુમચંદભાઈ મુંબઈ ગયા હતા. તેમના પુત્ર હર્ષદભાઈનું શિક્ષણ મુંબઈમાં થયું. તેમણે ઈલેક્ટ્રોનિક્સ વિષય સાથે બી.એ. કર્યું. એ પછી તેઓ પિતા સાથે ધંધામાં જોડાઈ ગયા. તેમનો આયાત-નિકાસનો મોટો ધંધો. વિવિધ ચીજવસ્તુઓનો દુનિયાના મોટાભાગના દેશો સાથે કારોબાર ચાલે. હર્ષદભાઈએ પોતાના ધંધામાં ૧૫૦૦થી વધુ વ્યક્તિને સીધી રોજગારી આપેલી.



**પહેલું કિરણ**
રમેશ તન્ના

ધંધા માટે જ તેઓ લંડનમાં ગયા. એ પછી અમેરિકા ગયા. લંડનમાં હતા ત્યારે બીજા વિશ્વયુદ્ધ પછી ઓટો-સ્પેરપાર્ટ્સની આયાત-નિકાસમાં સક્રિય થયા. કારોબારના પગલે પગલે હર્ષદભાઈ દુનિયાના લગભગ બધા જ દેશો ફર્યા છે. કેટલાક દેશોમાં તો બે-ચાર વખત ગયા છે.

તેઓ ભારતમાં સ્થાયી થવા માગતા હતા. અલબત્ત, તત્કાલીન વડાપ્રધાન ઈન્દિરા ગાંધીએ ૧૯૭૫માં ભારતમાં કટોકટી લાદી અને તેમનું મન ખાટું થઈ ગયું. તેમણે તરત નક્કી કર્યું કે ભારત કટોકટી લાદી અને તેમનું મન ખાટું થઈ ગયું. તેમણે તરત નક્કી કર્યું કે ભારત દેશ છોડી દેવો છે. ભારત દેશનું કોઈ ભવિષ્ય નથી. તેમણે ૧૯૭૬માં ભારત છોડ્યું અને અમેરિકા સ્થાયી થયા.

ખૂબ કમાયા, કમાતાં કમાતાં જ સામાજિક પ્રવૃતિઓ કરવા લાગ્યા હતા.

તેઓ અહિંસા અને પર્યાવરણના જતનમાં ખૂબ માને. ગાંધીવિચાર પણ તેમને ખૂબ ગમે. જ્યારે તેમણે જોયું કે ત્યાં વસતા ભારતીયો અને તથા અન્ય લોકોમાં માંસાહારનું ખૂબ મહત્ત્વ વધી રહ્યું છે. ૧૯૯૨માં તેમણે ન્યૂ યોર્કમાં ‘વેજિટેરિયન વિઝન’ નામની સંસ્થા શરૂ કરી.

હર્ષદભાઈને પ્રાણીઓ માટે ખૂબ જ આદર અને પ્રેમ છે. તેઓ ભાવપૂર્વક અને ભારપૂર્વક કહે છે કે મને ખબર જ પડતી નથી કે આપણે શા માટે પ્રાણીઓને બાંધીએ છીએ? પ્રાણીઓને મારીને ખવાય તો બિલકુલ નહીં, પરંતુ તેમને બાંધવાં પણ ન જોઈએ. આમ કહીને તેઓ કહે છે કે જો કોઈ આપણને બાંધે તો કેવું લાગે ?

અમેરિકામાં તેમણે શાકાહારનો ખૂબ પ્રસાર કર્યો. હૃદયથી અને નિસબતથી કામ કરે એટલે તેનું પરિણામ આવે જ. કહેવાય છે ને કે શુદ્ધ ભાવનાથી કરેલું નિસ્વાર્થ કર્મ હંમેશાં ફળ આપતું જ હોય છે. અમેરિકામાં શાકાહાર પ્રસાર માટે તેમણે અનેક વિવિધ ઉપક્રમો યોજ્યા. સને ૨૦૧૭માં વેજિટેરિયન વિઝન સંસ્થાને ૨૫ વર્ષ પૂરાં થયાં ત્યારે તેની ભવ્ય ઉજવણી પણ કરી. હજારો લોકો તેમાં જોડાયા હતા.

વેજિટેરિયનનો પ્રસાર કરતાં કરતાં તેઓ વધારે જાગૃત થયા. તેમને લાગ્યું કે દૂધાહાર પણ સંપૂર્ણ શાકાહાર ન ગણાય. એ પછી તેમણે ‘વિગન’ના પ્રસારની પ્રવૃત્તિ શરૂ કરી. તેઓ પોતે ‘વિગન’ બન્યા. દૂધ અને દૂધ આધારિત તમામ વસ્તુઓ તથા પ્રાણીજ ઉત્પાદનો બંધ કર્યાં. પ્રાણીઓ માટેનો તેમનો પ્રેમ, પ્રતિબદ્ધતા, નિસબત અને આદરને તેઓ વ્યક્ત કરવા લાગ્યા. તેમના મનમાં મૂળ વિભાવના અહિંસક સમાજને છે.

તેઓ માને છે કે દરેક પ્રાણીને આ પૃથ્વી પર જીવવાનો અબાધિત અધિકાર છે. એક પણ પ્રાણીનું કોઈપણ રીતે શોષણ ન થવું જોઈએ. મનુષ્યે પ્રાણીઓ પર અત્યાચાર ન કરવા જોઈએ, તેમનું શોષણ ન કરવું જાઈએ અને તેમને તકલીફ પડે તેવી પ્રત્યક્ષ કે પરોક્ષ કોઈ પ્રવૃત્તિ ન કરવી જોઈએ. વિગનમાં દૂધ અને દૂધ આધારિત તમામ ઉત્પાદનોનો વપરાશ કરવાનો હોતો નથી. પ્રાણી આધારિત તમામ ચીજવસ્તુઓનો વિગનમાં નિષેધ હોય છે. સમગ્ર વિશ્વમાં વિગનની ખૂબ જાગૃતિ આવી રહી છે અને મહત્તમ લોકો વિગન બની રહ્યા છે.

એચ.કે.શાહ કહે છે કે જો વ્યક્તિ વિગન થાય તો પ્રાણીઓને ફાયદો થાય અને વ્યક્તિને પોતાને પણ ઘણો ફાયદો થાય છે. થોડા દિવસ તકલીફ જેવું લાગે, પરંતુ પછી ખૂબ જ સ્ફૂર્તિનો અનુભવ થાય છે. તેઓ વર્ષોથી વિગન છે.

૨૯મી માર્ચ, ૧૯૩૧ના રોજ જન્મેલા હર્ષદભાઈનું સ્વાસ્થ્ય નિરામય છે. તેઓ સક્રિય છે. સમાજસેવા કરી રહ્યા છે. શાકાહાર અને વિગનના પ્રસાર ઉપરાંત તેમણે અનેક સામાજિક પ્રવૃત્તિઓ કરી છે. તેઓ કહે છે કે સમાજે આપણને ઘણું આપ્યું છે. આપણે સમાજને તે પાછું આપવું જોઈએ.

તેમણે ‘વર્લ્ડ વિગન વિઝન’ સંસ્થાના મુંબઈ અને ગુજરાત ચેપ્ટરનો પ્રારંભ કર્યો છે. આગામી દિવસોમાં તેઓ બેંગ્લોર ચેપ્ટર પણ શરૂ કરશે. તેઓ ભારતમાં વેજિટેરિયન અને વિગનનો પ્રસાર કરવા માગે છે. જુઓ તો ખરા, જે મૂલ્યો ભારતનાં છે, એ મૂલ્યો અમેરિકામાં રહેતો એક માણસ, ત્યાં ચાલતી એક સંસ્થા, ભારતને સમજાવવા માટે ભારતના જુદાં જુદાં શહેરોમાં ચેપ્ટર ખોલી રહી છે. ભારતને જ ભારતનાં મૂલ્યો યાદ કરાવવાં પડે તેવા કપરા દિવસો આવ્યા છે ?

ભારતે કઈ કઈ બાબતોમાં ધ્યાન રાખવાની જરૂર છે ? એ પ્રશ્નના ઉત્તરમાં તેઓ કહે છે કે સ્વચ્છતા, હાઈજીન ખોરાક અને નાત-જાત તથા ભાષા-ભેદ દૂર કરવા જોઈએ. તેઓ કહે છે કે નવી પેઢીએ જીવનનો વૈજ્ઞાનિક અભિગમ અપનાવીને જીવવું જોઈએ.

હર્ષદભાઈ કહે છે કે હું જૈન છું, પરંતુ કોઈ દિવસ દેરાસરમાં ગયો નથી. હું સમાજ માટે જે કાર્યો કરું છું તે જ મારું દેરાસર છે.

હર્ષદભાઈનાં જીવનસાથી માલતીબહેન મુંબઈનાં છે. તેઓ પોતાના જીવનસાથી હર્ષદભાઈની દરેક પ્રવૃત્તિમાં સતત જોડે હોય છે. તેઓ સામાજિક પ્રવૃતિઓમાં પણ સાથ આપે છે. હર્ષદભાઈ દર ત્રણ મહિને મુંબઈમાં રહેવા આવે છે તેમને એક પુત્ર અને એક પુત્રી છે. પુત્રીનું લગ્ન થઈ ગયું છે અને પુત્રએ ધંધો સંભાળી લીધો છે.


હર્ષદભાઈ કહે છે કે આપણે ગાંધી વિચારના માર્ગે જીવવું જોઈએ. બે હજાર વર્ષમાં એકાદ વખત ગાંધી જેવો માણસ જન્મ લેતો હોય છે. આપણી કમનસીબી છે કે આપણે ગાંધીને ભૂલી ગયા છે. આપણાથી જેટલું ચલાય તેટલું ગાંધીના માર્ગે ચાલવું જોઈએ.

વેબસાઈટ : worldveganvision.org
Mailing Address: World Vegan Vision
238 Lindbergh Place, 2nd Floor, Paterson, NJ 07503
Telephone: +1 (212) 971-0653

# વૈવિધ્યસભર ઉત્કૃષ્ટ રચનાઓને જુદી-દુદી ભાષાઓમાં માણતા શીખીએ

Do you ever feel?
Already buried deep
Six feet under screams.
But no one seems to hear a thing
Do you know that there's still a chance for you
Cause there's a spark in you
You don't have to feel
Like a wasted spece.
You're original Can't be replaced
you only knew
what the future holds
After a hurricane comes a rainbow
maybe the reasons way
all the doors are closed so
you could open one that
leads you to the perfect road
Katy Perry (Firework)

ભાષા એ અભિવ્યક્તિનું સર્વોચ્ચ માધ્યમ છે. આજકાલ મોટાભાગના લોકો બાળકોને અંગ્રેજી માધ્યમમાં જ ભણાવવાનું પસંદ કરે છે. આ બાબત કેટલી યોગ્ય અને કેટલી અયોગ્ય છે એ વિશે ચર્ચા કરવાને બદલે હવે આ બાબતને સમયની માંગ ગણીને આગળ વાત કરીએ તો અંગ્રેજી ભાષાના કેટલાક ગીતો આપણને આપણી ‘માતૃભાષા’ ગુજરાતીની કવિતાઓ જેવા જ લાગે છે. ભાષા ભલે ગમે તે હોય પરંતુ, માણસના ભાવની અભિવ્યક્તિ મોટભાગે એકસમાન રહે છે. કેટી પેરીનું ઉપરોક્ત ગીત આપણને આપણા પાઠ્યપુસ્તકના અભ્યાસક્રમમાં આવતું અમૃત ઘાયલનું ગીત




‘રસ્તો નહિ જડે તો રસ્તો કરી જવાના,
થોડા અમે મૂંઝાઈ મનમાં મરી જવાના?’
અથવા, પ્રાર્થના
‘તું તારા દિલનો દીવો થા ને,
ઓ રે ઓ રે ઓ ભાયા...’
એની યાદ અપાવી દે છે.

આપણા ઘરોમાં આપણે ગુજરાતી ભાષામાં વાતચીત કરતા હોઈએ અને બાળકો શાળામાં અંગ્રેજી માધ્યમમાં ભણે ત્યારે બાળક બંને ભાષાઓ એકસાથે ગ્રહણ કરતા થઈ જાય છે. બાળકોને ગુજરાતી કવિતાઓ પરાણે શીખવવાને બદલે એમના પાઠ્યપુસ્તકમાં આવતી વાર્તાઓ અને કવિતાઓ તેમની પાસેથી સમજવા, શીખવા કે જીરફ્રી કરવાની જો શરુઆત કરવામાં આવે તો આપણે તેમને શીખવી શકીશું કે આના જેવી જ વાત ગુજરાતી ભાષાસાહિત્યમાં આ રીતે અભિવ્યક્ત કરવામાં આવે છે. આ રીતે આપણે ‘જનરેશન ગેપ’ ને પણ ઘટાડી શકીશું અને સાહિત્યની સુંદર-સુંદર રચનાઓનું આદાનપ્રદાન પણ ખૂબ સહજ અને સરળ રીતે કરતાં શીખી જઈશું. જેમ વિવિધ ધર્મગ્રંથોનો સાર મુખ્યત્વે એકસમાન જ હોય છે. તે પ્રમાણે વિવિધ ભાષાઓમાં રચાયેલું સાહિત્ય મનુષ્યના મનમાં ઉદ્ભવતા ભાવોનો પ્રતિસાદ જ હોય છે. જરુર માત્ર દૃષ્ટિકોણને વિશાળ બનાવવાની તેમજ ઉલટભેર અન્ય ભાષાની સાહિત્યિક રચનાઓને માણવા માટે તત્પર રહેવાની જ છે.



**WhatsApp ઓફ ધી વીક**
નેહલ ગઢવી

આપણે આપણી આસપાસ એવી ઘણી વ્યક્તિઓને જાણીએ છીએ કે જેઓ શાળાજીવન દરમિયાન અંગ્રેજી માધ્યમમાં ભણ્યા હોવા છતાં ગુજરાતી ભાષા પ્રત્યેનો તેમનો સંબંધ અતૂટ હોય છે. ગુજરાતી ભાષાસાહિત્યના ઉત્તમોત્તમ સર્જકો તેમણે માણ્યા હોય છે. અને તે જ પ્રમાણે ગુજરાતી માધ્યમમાં અભ્યાસ કરી ચૂકેલા વિદ્યાર્થીઓ અન્ય ભાષાસાહિત્યને પણ માણતા જ હોય છે. આ તમામ ભાષાઓ સૈંકડો વરસથી ખેડાતી આવી છે. જેના પરિણામ સ્વરુપે સૈંકડો વરસનું ઉત્તમ સાહિત્ય વિવિધ ભાષાઓમાં રચાયું છે.

તો આવો, ગ્લોબલાઈઝેશનના આજના યુગમાં વિવિધ ભાષાઓનાં સુંદર અને સર્વોત્તમ સર્જનો આપણા વિદ્યાર્થીઓ, બાળકો માણતા થાય એ માટે આપણે પણ તેમની આ યાત્રામાં જોડાઈ જઈએ અને તેમની સાથે-સાથે વૈવિધ્યસભર ઉત્કૃષ્ટ રચનાઓને જુદી-દુદી ભાષાઓમાં માણતા શીખીએ.

- nehalgadhavi101@gmail.com

# નાર્કોટીક ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટન્સ એક્ટ, ૧૯૮૫ (એન.ડી.પી.એસ. એક્ટ)

## ડ્રગ્સ રાખવાથી દેશ-વિદેશમાં કેટલી સજાની જોગવાઈ છે. તેની સમજૂતી

એન.ડી.પી.એસ. એક્ટ મુજબ એક કિલોગ્રામથી ઓછા ચરસ અથવા હશીશ ને ઓછી માત્રામાં ગણવામાં આવે છે. આના માટે ૧૦ વર્ષની જેલ અને ૧ લાખ રૂપિયા જેટલા દંડની સજાની કાયદામાં જોગવાઈ છે.

વિશ્વના અન્ય દેશોમાં ચરસ, ડ્રગ્સ રાખવા બદલ સજાની જોગવાઈ છે. જે મુજબ બ્રાજિલમાં આ પ્રકારના ગુનાની સજા ચેતવણી અને સમુદાયની સેવાની જોગવાઈ છે.

ચેક રીપબ્લીકમાં આ માટે ૨ વર્ષથી ઓછી કેદની સજાની જોગવાઈ છે. ફિનલેન્ડમાં ૧૦ ગ્રામથી વધુ ડ્રગ્સ રાખવા પર ૨ વર્ષથી ઓછી અથવા દંડની જોગવાઈ છે. ઈન્ડોનેશિયામાં મહત્તમ આજીવન કેદની સજા અથવા ૫ થી ૨૦ વર્ષની જેલની સજા અને ૧૦.૬ બિલીયન એટલે કે લગભગ ૮૦૯૦૦૦ ડોલર જેટલા દંડની જોગવાઈ છે. લીથુઆનિયામાં ૧૦ થી ૪૫ દિવસની જેલની જોગવાઈ છે. જ્યારે મલેશિયામાં આ પ્રકારના ગુનાની સજા ૨ થી ૫ વર્ષની જેલ અને ૧૦ સ્ટ્રોક જેટલા દંડની જોગવાઈ છે.

નેધરલેન્ડમાં નાની માત્રામાં દવાઓ, ડ્રગ્સની પકડવામાં આવે તો એક વર્ષથી ઓછા કેદની તથા દંડની જોગવાઈ છે. જ્યારે રશિયામાં આ પ્રકારના ગુનાની સજા ૫૦૦૦૦૦ રૂવલ્સ અથવા ૭૫૪૬ ડોલર અથવા દોષિત વ્યક્તિના ૩ વર્ષના પગાર કરતા ઓછા હોય તેવી રકમની દંડની જોગવાઈ તથા દોષિતને ૩ થી ૧૦ વર્ષની સ્વતંત્રતાથી વંચિત રાખવાની જોગવાઈ છે.

ભારતમાં વિવિધ પ્રકારનાં તહેવારોમાં નશાયુકત ચીજવસ્તુઓ જેવીકે, ભાંગ, ચરસ, ગાંજો, વિપુલ પ્રમાણમાં લોકો પીતા હોય છે. જેને રૂઢિ તથા પરંપરાનું સ્વરૂપ આપી કાયદાની છટકબારીમાંથી છટકી જાય છે. યુવાધન નશાખોરીનાં રવાડે ચડી પોતાની જીંદગી દોજખમાં મૂકે છે અને પોતાની કારકિર્દી ઉપર પૂર્ણવિરામ મૂકે છે.

ભારતની ક્રિમિનલ જસ્ટીસ સિસ્ટમ જેમાં પોલીસ, એન.આઈ.એ., સી.બી.આઈ., ઈ.ડી., કસ્ટમ, એન.સી.બી., જેવી સંસ્થાઓનો સમાવેશ થાય છે. તેના માટે “પ્રોસેસ એજ પનીશમેન્ટ” નો મુદ્દો હંમેશા મિડીયા ટ્રાયલ રહ્યો છે. હાઈપ્રોફાઈલ કેસમાં એજન્સી ગંભીરતાપૂર્વકના પગલા લઈ દોષિતોને સજા અપાવવા પ્રયત્ન કરે તો તેમાં કેટકેટલાય વિધ્નોમાંથી તપાસ કરનાર અધિકારીથી લઈ ન્યાય કરનાર ન્યાયાધિશોને પસાર થવું પડે છે. નીચલી કોર્ટ હાઈપ્રોફાઈલ કેસમાં કોઈ નિર્ણય પોતાના માથે લેવા માંગતી નથી, તેથી તમામ દોષારોપણ હાઈકોર્ટ અને સુપ્રિમ કોર્ટના માથે આવે છે.



**કાયદો અને કાનૂન**
અશ્વિન ત્રિવેદી

દેશની વિવિધ કોર્ટમાં કરોડો ક્રિમિનલ કેસો એક વર્ષથી વધારે સમયથી પેન્ડીંગ છે. જેમાં લાખો કરતા વધારે કેસો પાછલા ૧૦ વર્ષ કરતા વધુ સમયથી કોર્ટોમાં પેન્ડીંગ છે. ન્યાય મેળવવા કાં તો ફરીયાદીનું મૃત્યુ થાય છે અગરતો આરોપી જ મરણ પામે છે. જેથી ન્યાયનો ઉદ્દેશ સિધ્ધ થતો નથી. કાયદાની જટીલ ટેકનીકોનો વિધવાન વકીલો હરહંમેશ આરોપીના બચાવમાં ઉપયોગ કરતા આવ્યા છે. કાચા કામના કેદીઓની જ સંખ્યા આશરે દેશની જેલોમાં જામીન મેળવવા રાહ જોતા હોય તેમની સંખ્યા પણ ૩,૫૦,૦૦૦ કરતા વધુ છે. કાચા કામના કેદીઓ જે ગરીબ છે, જેમને જામીન મળી ગયા હોવા છતાં બોન્ડીંગ રકમ કોર્ટમાં ભરી શકતા નથી. પરિણામે જેલમાં રહે છે. જે અર્ધશિક્ષિત તથા ગરીબ વર્ગના લોકો છે.

દેશના કાયદાનો વિરોધ કરવાની એક ફેશન, ભણેલા લોકોમાં વ્યાપ્ત થતી જાય છે. તેવા લોકો સામે એક્ટિવિસ્ટસ સ્કોલર્સ એસ્ટાબ્લિસમેન્ટનો સિટિઝન (અમેન્ડમેન્ટ) એક્ટ- ૨૦૧૯ નો ભંગ કરતા લોકો સામે પણ સરકાર દ્વારા રાજ્યદ્રોહનો ગુનો લગાવી જેલ ભેગા કરવામાં આવ્યા છે. જે મોટાભાગના આરોપીઓ છેલ્લા ૩ વર્ષ ઉપરાંતથી જેલમાં સબડે છે. જે ક્રિમિનલ જસ્ટીસ સામેના પડકાર સમાન છે. ન્યાયના સિધ્ધાંતોનો લાભ દરેક જણને મળવો જોઈએ જેનો લાભ મળતો નથી.

મો. ૯૮૨૫૪ ૫૦૧૯૧,
www.trivediassociates.in